નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,ગીર (પૂર્વ) વનવિભાગ,ધારી
વેકરીયાપરા ફોરેસ્ટકોલોની,મુ.ધારી -૩૬૫૬૪૦
ફોનનંબ-૨૦૨૭૯૭ - ૨૨૫૦૪૪
ફેકસનંબ-૨૦૨૭૯૭ - ૨૨૫૧૩૨
dcf_dhari @yahoo.com

ક્રમાંક:બ/જમન/ટે.૧૪/ ૩૪૬-૪૮ /૨૦૨૪-૨૫ તા.૧૯/૦૫/૨૦૨૫.

પ્રતિ,
વન સંરક્ષકશ્રી,
વન્યપ્રાણી વર્તુળ,
જુનાગઢ.

વિષય: **Diversion of 0.75 ha. Reserved Forest & Willdlife Sanctuary area for the project of Khambha Reginal Water Supply Scheme between Gidaradi to Bhaniya Village Gidaradi & Bhaniya Ta.Khambha in Amreli Diatrict in favour of Executive Engineer,PH Works Division No.1 GWSSB, Amreli.( FP/GJ/Pipeline/38159/2019 )**

સંદર્ભ: ૧.ભારત સરકારશ્રીના પર્યાવરણ અને જલવાયુ પરિવર્તન મંત્રાલયના પત્ર ક્રમાંક-૬-જીજેબી ૦૮૪/૨૦૧૯-બીએચઓ/ ૦૪૦/ તા.૨૫.૦૨.૨૦૨૧.
૨.અત્રેની કચેરીના પત્ર નં.બ/જમન/ટે.૧૪/૧૧૫૩૬-૩૭/તા.૧૭/03/૨૦૨૧.
૩.અત્રેની કચેરીના પત્ર નં.બ/જમન/ટે.૧૪/૫૫૦-૫૨/તા.03/૦૫/૨૦૨૧.
૪. નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી,જા.આ.સુ.પેટા વિભાગ,ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,ની કચેરીના પત્ર નં.પીબી/ખાંભા/ફોરેસ્ટ દરખાસ્ત/પુર્તતા/૦૪/તા.૨૦/૦૧/૨૦૨૨.
૫.અત્રેની કચેરીના પત્ર નં.બ/જમન/ટે.૧૪/૨૦૮૪-૯૦/ તા.૦૯/૦૬/૨૦૨૨.
૬.અત્રેની કચેરીના પત્ર નં.બ/જમન/ટે.૧૪/૧૭૨૮-૩૨/ તા.03/૦૬/૨૦૨૪.
૭.અત્રેની કચેરીના પત્ર નં.બ/જમન/ટે.૧૪/૧૦૩૨૬-30/ તા.૦૬/03/૨૦૨૫.
૮.નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી,જા.આ.સુ.પેટા વિભાગ,ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,ની કચેરીના પત્ર નં.પીબી/ખાંભા/ફોરેસ્ટ દરખાસ્ત/૧૬૫/ તા.૨૬/03/૨૦૨૫.
૯.અત્રેની કચેરીના પત્ર નં.બ/જમન/ટે.૧૪/૧૧-૧૩/ તા.૦૧/૦૪/૨૦૨૫.

સાદર ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે,નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી,જા.આ.સુ.પેટા વિભાગ,ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ.સાવરકુંડલા દ્વારા ખાંભા તાલુકાના ગીદરડી-ભાણીયા ગામના ફોરેસ્ટ વિસ્તારમા પાણીની પાઇપ લાઇન નાખવાની કામગીરીમાં અનામત/અભ્યારણ્ય વન વિસ્તાર આવતો હોવાથી વન સંરક્ષણધારા-૧૯૮૦ હેઠળની એફ.સી.એ. દરખાસ્ત અત્રે રજુ કરતા આ દરખાસ્ત અત્રેથી આપશ્રીને સાદર કરતા આપશ્રીની કચેરી દ્વારા ઉપલી કચેરીએ સાદર કરતા સંદર્ભના-૧ના પત્રથી ૧ થી ૩ મુદાની પુર્તતા માગેલ છે. આ પત્રમા માગેલ મુદા નં.-૧ અને મુદા નં.-૩ મા યુઝર એજન્સીને લગત હોવાથી માગ્યા મુજબની માહિતી ઓનલાઇન/ઓફલાઇન પુર્તતા તાત્કાલીક રજુ કરવા જણાવવામા આવેલ.જે બાબતે સમયસર પુર્તતા ન થતા અત્રેની કચેરીના સંદર્ભ-૨ અને ૩ ના પત્રથી યાદી પત્ર પાઠવી પુર્તતા કરવા જણાવતા સંદર્ભ-૪(નકલ સામેલ) ના પત્રથી ૧ થી ૩ મુદાની પુર્તતા અત્રેને રજુ કરી મુદ નંબર ૩ ની પુર્તતામા કે.એમ.એલ. ફાઇલ સોફટ કોપીમા સાથે રાખી લગત કર્મચારીની સાથે રહી પુર્ણ કરવામા આવશે તેમ લાગુ યુઝર એજન્સી દ્વારા જણાવામા આવેલ.

ઉકત બાબતે જણાવવાનુ કે, યુઝર એજન્સીના સંદર્ભ-૪ના પત્ર અત્રેની કચેરીએ ૨૪/૦૧/૨૦૨૨ના રોજ મળેલ છે. જે પત્ર મળ્યાના ૫ મહીના જેવો સમય વ્યતીત છતા પણ લાગુ કર્મચારી મુદા નંબર ૩ ની પુર્તતા કરવા માટે આવેલ ન હતા. ઉકત દરખાસ્ત બાબતે સરકારશ્રી દ્વારા ઉઘરાણી થતી હોય જેથી તેમને લગત મુદા નં-૩ ની ઓનલાઇન/ઓફલાઇન પુર્તતા સત્વરે કરવા અને તેમનુ લોગીન આઇડી ખુલતુ નથી.તેવી રજુઆત કરવામા આવે છે.જે બાબતે પરીવેશ પોર્ટલ ઉપર conacts/હેલ્પલાઇન નંબર/ઇ-મેલ આઇડી આપવામા આવેલ છે.જેનો સંપર્ક કરવા અત્રેની કચેરીના સંદર્ભ-૫ અને ૬ના પત્રોથી યુઝર એજન્સીને જાણવવામા આવેલ છતા પણ ઉપર મુજબની પુર્તતા રજુ કરવામા આવેલ ન હતી.જેથી અત્રેની કચેરીના સંદર્ભ-૭ના પત્રથી ફરીથી પુર્તતા કરવા માટે જણાવતા યુઝર એજન્સી દ્વારા સંદર્ભ-૮ના પત્રથી અત્રેને જણાવેલ છે કે, ઉકત દરખાસ્ત યુઝર એજન્સીના લોગીમા **Dlisted** બતાવતી હોવાથી આ દરખાસ્ત રી-ઓપન કરવા અત્રેને રજુઆત કરવામા આવેલ છે.જે રજુઆત અત્રેની કચેરીના સંદર્ભ-૯ના પત્રથી આપશ્રીને સાદર કરતા આપશ્રીની કચેરીના

11

તા.૦૯/૦૪/૨૦૨૫થી સદરહુ રજુઆત ઉપલી કચેરીએ સાદર કરતા સદરહુ દરખાસ્ત listed થઇ આવતા યુઝર એજન્સી બાકી રહેલ મુદા નંબર-૩ની કેએમએલ ફાઇલની ઓનલાઇન પુર્તતા કરી દરખાસ્ત અત્રેના યુઝર આઇડીમા આવતા અત્રેથી પણ મુદા નંબર-૩ની વળતર વનીકરણની કેએમએલ ફાઇલના એરીયામા સુધારો કરી પીરવેશ પોર્ટલ પર અપલોડ કરવામા આવેલ છે.તેમજ વળતર વનીકરણની સ્કીમના પાના નંબર ૮૭, ૧૦૧,૧૦૩,૧૦૫ મા એરીયા બાબતે સુધારો કરવામા આવેલ છે. જેની પાંચ નકલ આ સાથે સામેલ રાખી સાદર કરવામા આવે છે. જે વિદિત થવા વિનંતી છે.

નાયબ વન સંરક્ષક
ગીર (પૂર્વ) વન વિભાગ ધારી

સામેલ:ઉપર મુજબ

નકલ સાદર રવાના :અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી જમીન ગુજરાત રાજય ગાંધીનગર,અરણ્ય ભવન બ્લોક નં.એ-૩ ચ-૩ સર્કલ સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે સેકટર-૧૦ ગાંધીનગર તરફ વિદિત થવા સારૂ.

નકલ રવાના:નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી,જા.આ.સુ.પેટા વિભાગ,ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,દેવળાગેટ,મુ.સાવરકુંડલા, તા.સાવરકુંડલા. જિ.અમરેલી.જાણ તથા જરૂરી કાર્યવાહિ કરવા સારૂ.